નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની નાયબ નિયામક (વર્ગ-૧) સંવર્ગનું સંખ્યાબળ(કેડર સ્ટ્રેન્થ) નક્કી કરવા બાબત...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-મકમ/૧૦૨૦૧૯/૨૭૯૧૧/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:-૧૨/૦૭/૨૦૧૯.

વંચાણમાં લીધા:-

૧.આ વિભાગનો તા:૧૭/૦૭/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક:બઢત/૧૦૨૦૧૩/૭૮૭૯૯૦/જ.
૨.આ વિભાગનું તા:૩૦/૦૬/૨૦૧૮નું જાહેરનામું ક્ર:GH/SH/17/2018/MKM/172017/498354/J.
3.આ વિભાગનું તા:૦૯/૦૧/૨૦૧૯નું જાહેરનામું ક્ર:GH/SH/01/2018/MKM/172017/498354/J.

આમુખ:

આ વિભાગનાં ક્રમ:૧ પરના તા:૧૭/૦૭/૨૦૧૪ના ઠરાવથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની નાયબ નિયામક (વર્ગ-૧) સંવર્ગની કુલ-૩૮ની જગ્યાઓનું સંખ્યા બળ (કેડર સ્ટ્રેંથ) નક્કી કરવામાં આવેલ છે.

આ વિભાગનાં ક્રમ:૨ પરના તા:૩૦/૦૬/૨૦૧૮ના જાહેરનામાથી નાયબ નિયામક વર્ગ- સંવર્ગના અદ્યતન ભરતી નિયમો બહાર પાડવામાં આવેલ છે તેમજ વંચાણે લીધેલ ક્ર:૦૩ પરના તા:૦૯/૦૧/૨૦૧૯ના જાહેરનામાથી ભરતી નિયમમાં સીધી ભરતી અને બઢતી માટે અનુક્રમે રેશીયોમાં ૧:૨ માં સુધારો કરી ૧:૧ નિયત કરવામાં આવેલ છે. ઉકત સુધારા અન્વયે સીધી ભરતી અને બઢતીના ફાળાની જગ્યાઓમાં થયેલ અનુક્રમે વધારા અને ઘટાડાને ધ્યાને લઈ જરૂરી સુધારા બહાર પાડવાની બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળના નાયબ નિયામક(વર્ગ-૧) સંવર્ગના ભરતી નિયમમાં રેશીયોમાં થયેલ સુધારા અન્વયે સંવર્ગના કુલ-૩૮ના સંખ્યાબળ સામે સીધી ભરતી અને બઢતીના ફાળાની જગ્યા નીચે મુજબ આથી નિયત કરવામાં આવે છે:-

| સંવર્ગનું નામ | કુલ સંખ્યાબળ | સીધી ભરતીના ફાળાની જગ્યાઓ | બઢતીના ફાળાની જગ્યાઓ |
| --- | --- | --- | --- |
| નાયબ નિયામક (વર્ગ-૧) | ૩૮ | ૧૯ | ૧૯ |

વંચાણે લીધેલ ક્રમ:૧ પરના તા:૧૭/૦૭/૨૦૧૪ના ઠરાવની અન્ય બાબતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સામાન્ય વહીવટ વિભાગની તા:૧૨/૦૭/૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.બી.ઠાકોર)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, છ-૩ સર્કલ પાસે, છ-રોડ, સેક્ટર- ૧૦/એ, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી(ગ-૫ શાખા), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી(આર-શાખા), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
- પસંદગી ફાઇલ-૨૦૧૯.